આવો સાથે મળી સૌ સુખી થઈએ

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા


અંક : ૧ । વર્ષ - ૪ । જુલાઈ - ૨૦૨૪ (સળંગ અંક : ૩૬)
www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

321 કરોડ (વર્ષ : 2021/22) » 375 કરોડ (વર્ષ : 2022/23) » **402 કરોડ** (વર્ષ : 2022/23)




| સૌથી વધુ ટર્ન ઓવર | સૌથી વધુ દૂધ | એક દિવસનું સૌથી વધારે દૂધ | સૌથી વધુ દૂધનો ખરીદભાવ |
|---|---|---|---|
| 7494 કરોડ ₹ | 120.58 કરોડ કીલો | 42 લાખ લીટર | પ્રતિકીલો ફેટ 820 ₹ |



# આંગણે અજવાસના પગલાં થયા

# દૂધસાગર સાધારણ સભા : ૨૦૨૪




પશુપાલક એ દૂધસાગર ડેરીનો અંતરઆત્મા છે : દૂધસાગર ડેરીને દેવી સ્વરૂપ માનતા સંસ્થાના વર્તમાન ચેરમેન શ્રી. અશોકભાઈ ચૌધરીના આ શબ્દોનું સાકાર સ્વરૂપ એટલે દૂધસાગર ડેરીની તા.16 જૂન ના રોજ 1200 મંડળીઓના પ્રતિનીધીઓની હાજરીમાં યોજાઈ ગયેલી 64 મી સાધારણ સભા !!

સમગ્ર મહેસાણા જીલ્લો - પાટણ જીલ્લો તેમજ ગાંધીનગર જીલ્લાના 16 તાલુકાઓમાં પથરાયેલ રજીસ્ટર્ડ 1225 સહિત કુલ 1503 મંડળીઓના આશરે છ લાખ પશુપાલકોનો સમૂહ એવી દૂધસાગર ડેરીની આ સાધારણ સભામાં કરવામાં આવેલી પશુપાલકોના હિત અંગેની જાહેરાતો અને વહિવટીય કુશળતા તથા પ્રામાણિકતાને પશુપાલકોએ એક સૂરે વધાવી લીધી હતી. ડેરીના ચેરમેન શ્રી. અશોકભાઈ ચૌધરીએ આ સાધારણ સભાને સંબોધતા જણાવ્યું હતું કે ; વિતેલા ત્રણ વર્ષના તેમના નિયામક મંડળીના કુશળ અને પ્રામાણિક વહિવટના પરિણામે દૂધ ઉત્પાદકોને કુલ મળી રૂા.2551 કરોડ જેટલી માતબર રકમનો ફાયદો આપી શક્યા છીએ. દૂધના કામચલાઉ ભાવમાં તબક્કાવાર રૂા.170 નો વધારો કરવાથી આ ત્રણ વર્ષોમાં પશુપાલકોને રૂા.1188 કરોડ વધારે ચૂકવી શક્યા છીએ. એજ રીતે મોંઘવારી હોવા છતાં સાગરદાણના ભાવ ઓછા રાખવાને કારણે આપણા પશુપાલકોને રૂા.250 કરોડ, પશુ વિઝીટ ફીમાં ઘટાડો કરવાને કારણે રૂા.12 કરોડ, શેર ડિવીડન્ડમાં વધારો કરવાથી રૂા.3 કરોડ અને મંડળીને થાપણ ઉપર વધુ વ્યાજ આપવાથી રૂા.7 કરોડ અને વિતેલા ત્રણ વર્ષમાં ચૂકવાયેલ આખરી ભાવ તફાવત સ્વરૂપે રૂા.1098 કરોડ નો સીધેસીધો લાભ પશુપાલકના આંગણે પહોંચાડવામાં સફળ રહ્યા છીએ. આ તમામ નિર્ણયો અને રકમો દૂધસાગર ડેરીના 64 વર્ષની ઐતિહાસીક સપાટીએ પોતાના કિર્તીમાન સ્થાપીત કરી રહ્યા છીએ.

પોતાના વક્તવ્ય દરમ્યાન સંસ્થાના ચેરમેનશ્રીએ વિતેલા એક વર્ષના લેખાજોખા સભાસદો સમક્ષ મૂકતા તેઓએ જણાવ્યું કે તેમણે ડેરીના વહિવટ દરમ્યાન પારદર્શિતા અને પ્રામાણિકતા તથા કરકસરના ગુણો અપનાવી આ વર્ષ દરમ્યાન વિવિધ ખરીદીઓમાં રીવર્સ ઓક્સન થકી રૂા.75.73 કરોડની બચત, લેબર કોન્ટ્રાક્ટના ભાવોમાં ઘટાડો કરી વર્ષ દરમ્યાન 22 કરોડની બચત તથા વિવિધ પ્રકારના બિન જરૂરી ખર્ચાઓ ઉપર નિયત્રંણ મૂકી વર્તમાન નિયામક મંડળ દ્વારા કુલ 166.73 કરોડની બચત કરી શક્યા છીએ અને તેના જ કારણે પશુપાલકોને દૂધ ખરીદીના ભાવો તથા માતબર રકમ ભાવ વધારાના સ્વરૂપમાં આપી શક્યા છીએ.

ચેરમેનશ્રીએ આ પ્રસંગે દૂધની દોહનારી બહેનોના પરોઢીયાના ઉજાગરાને યાદ કરી આવનાર ભવિષ્યમાં પણ દૂધસાગર ડેરી ઉપર સૌથી પહેલો હક પશુપાલકનો રહેશે તેવો વિશ્વાસ પ્રગટ કરી આગામી વર્ષ માટે અગત્યની જાહેરાતો કરતાં જણાવ્યું કે હવેથી વિવિધ દૂધમંડળીઓના કર્મચારીઓના જુદા જુદા વર્ગ પાડી અગાઉ જે વીમાનો લાભ સાવ સામાન્ય મળતો હતો તે બધા કર્મચારીઓને એક સમાન કરી વીમા કવચ વધારી તેમાં 100% થી 500% વધારો કર્યો. પાડી દાણ કીટ જે અગાઉ 990 માં મળતી હતી તે ડેરી સહાયથી માત્ર રૂા.500 માં આપવાની જાહેરાત કરી હતી. શેર ડિવિડન્ડ 10% યથાવત રાખી મંડળીઓને સોલાર ઉર્જા માટે પ્રોત્સાહિત કરતાં અગાઉની સહાય રૂા.25000 ને વધારી રૂા.100000 કરવાની જાહેરાત કરી હતી ત્યારબાદ પશુપાલકોની જિજ્ઞાસાને સંતોષતા આખરી ભાવ તફાવતની રકમ 402 કરોડ જાહેર કરતાં જ ઉપસ્થિત મંડળીઓના પ્રતિનીધીઓનું મન મોહી લીધુ હતું.

# સારસ્વત સન્માન



## પાયાના પથ્થરોને આપણે કદી ના ભૂલી શકીએ : શ્રી. અશોકભાઈ ચૌધરી









દૂધસાગર ડેરીની 64 મી સાધારણ સભાનું મુખ્ય આકર્ષણ હતા ગુજરાતી સાહિત્યના આકાશમાં પોતાનો આગવો પ્રકાશ પાથરી ઉત્તર ગુજરાતની તળપદી બોલીને જન જન સુધી પહોંચાડનાર અને શહેરી સંસ્કૃતિ સામે ગ્રામ્ય જીવનની સમૃદ્ધિ વાચકો સમક્ષ પોતાના સર્જન દ્વારા મજબૂત રીતે મુકનાર પદ્મશ્રી. રઘુવીરભાઈ ચૌધરી.

ભૂતકાળમાં સ્વ. માનસિંહભાઈ સાહેબ અને સ્વ. મોતીભાઈ ચૌધરી સાથે દૂધસાગર ડેરીની બાલ્ય અવસ્થાથી લઈ આજની દૂધસાગર ડેરીના એક ઉમદા લેખક તરીકે સાક્ષી રહેલા ડૉ.રઘુવીરભાઈ ચૌધરીને ભારત સરકાર દ્વારા તાજેતરમાં પદ્મશ્રી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા ત્યારથી જ દૂધસાગર ડેરી પોતાના છ લાખ પશુપાલકો વતીથી તેમને સન્માનિત કરવાનું મન બનાવી ચૂકી હતી. આજના પ્રસંગે શ્રી. રઘુવીરભાઈ ચૌધરીના સમૃદ્ધ લેખક જીવનની ઝાંખી પશુપાલકોથી ખીચોખીચ ભરેલા ડેરી હોલમાં ગૌરવ અને સન્માન પૂર્વક રજૂ કરવામાં આવી ત્યારે એક પોતિકાપણાની લાગણીનો ભાવ પ્રસરી જવા પામ્યો હતો. આ પ્રસંગે દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી, વાઈસ ચેરમેન શ્રીમતી. જશીબેન દેસાઈ અને નિયામક મંડળના સભ્યશ્રીઓ દ્વારા માં શારદાનું સ્મૃતિચિન્હ, શાલ અને સન્માનપત્રથી શ્રી. રઘુવીર ભાઈને વધાવવામાં આવ્યા ત્યારે આ મહાન સંસ્થાને શોભે તેવું ગૌરવપૂર્ણ અને ભાવવાહી વાતાવરણ ઊભુ થયું હતું. પોતાના પ્રાસંગિક પ્રવચન દરમ્યાન શ્રી. રઘુવીર ભાઈ ચૌધરીએ સ્વ. મોતીભાઈ ચૌધરીને યાદ કરતાં અનેક અગવડો તથા સરકારી સહાય વિના તેઓએ જે દૂધસાગરના માળખાની રચના કરી તેને સતત યાદ રાખવાની શિખામણ આપી હતી. આ પ્રસંગે દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી. અશોકભાઈ ચૌધરીએ રઘુવીરભાઈની હાજરીને પોતાનું પ્રેરકબળ ગણાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ; વિતેલા વર્ષની સાધારણ સભામાં દૂધસાગર ડેરીમાં મોતીબાપુ વખતે ચાલીસ વર્ષ સુધી અવિરત સેવા આપનાર પદ્મશ્રી. માલજીભાઈ દેસાઈને સન્માનિત કરવામાં આવ્યા હતા તો, વર્તમાન સાધારણ સભામાં બાપુપુરા દૂધમંડળીના પૂર્વ પ્રમુખ અને પરોક્ષ રીતે સતત ડેરી સાથે જોડાયેલા સાહિત્યકાર શ્રી. રઘુવીરભાઈ ચૌધરીના વિશાળ વ્યક્તિત્વને શોભે તેવું સન્માન આપવામાં આવ્યું હતું. દૂધસાગર પત્રિકા સાથે વાત કરતાં ચેરમેન શ્રી. અશોકભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે ; આ ડેરી પોતાના ભવ્ય ભૂતકાળના સંસ્કારો અને પરંપરાઓને કદાપિ ભૂલવાની નથી. આ ડેરી માત્ર દૂધગંગા નથી - જ્ઞાનગંગા પણ છે !! દૂધસાગરની આજની ઉંચી ઈમારતો જોઈને આપણે પાયાના પથ્થરોને કદાપિ ના ભૂલી શકીએ !!

# પ્રજાના પ્રતિનિધીત્વનું સન્માન





દૂધસાગર ડેરીની યાદગાર 64 મી સાધારણ સભામાં સમાજ જીવનના શ્રેષ્ઠીઓની હાજરી મંચને ભવ્ય અને દિવ્ય બનાવી રહી હતી. સભામાં હાજર અને ઓનલાઈન માધ્યમથી જોડાયેલ લાખો પશુપાલક સભાસદોની હાજરી વચ્ચે અહીં તાજેતરમાં સામાન્ય કાર્યકર્તાથી કામ કરતાં કરતાં પોતાની પ્રચંડ મહેનત અને પક્ષ પ્રત્યેની નિષ્ઠાને લીધે પાર્ટી દ્વારા તેમને રાજ્યસભાના સાંસદ તરીકે નિયુક્ત થયેલા શ્રી મયંકભાઇ નાયક અને મહેસાણા લોકસભા સીટ ઉપર ભારે મતોથી પ્રજાજનોનો વિશ્વાસ પ્રાપ્ત કરી વિજેતા બનેલ શ્રી હરીભાઇ પટેલ ઉપસ્થિત હતા. કેમ કે ; દૂધસાગર ડેરી આ વિસ્તારની એક આગવી ઓળખ હોવાથી અને આ સંસ્થા સાથે લાખો લાખો લોકોનું હિત સચવાયેલું હોઈ આ પ્રજાના પ્રતિનીધીઓ દૂધસાગરને નજીકથી સમજી શકે અને ડેરીની સમસ્યાઓથી અવગત થઇ શકે તે માટે સંસ્થાના ચેરમેનશ્રી અને નિયામક મંડળ દ્વારા તેમને વિશેષ આમંત્રિત કરવામાં આવ્યા હતા. અને, દૂધસાગર વતીથી તેમનું શાલ અને સ્મૃતિ ચિન્હથી સન્માન કરવામાં આવ્યું ત્યારે ઉપસ્થિત પશુપાલકોએ તાળીઓના ગળગળાટથી પોતાના પ્રતિનીધીઓને વધાવી લીધા હતા.

# સાગર શક્તિનું સન્માન







# ૬૪ મી સાધારણ સભામાં સન્માનીત થયેલા શ્રેષ્ઠ પશુપાલકો



## 1

ચૌધરી હર્ષદકુમાર મહાદેવભાઈ

**પુનાસણ દૂધ મંડળી (મહેસાણા)**

રકમ : 1,60,87,497

દૂધ : 2,61,887



## 2

દેસાઈ સેજલબેન કલ્પેશભાઈ

**ઈટોદા દૂધ મંડળી (ચાણસ્મા)**

રકમ : 98,10,496

દૂધ : 1,62,349



## 3

ચૌધરી પરથીભાઈ ચેલાભાઈ

**ઉમરી દૂધ મંડળી (ખેરાલુ)**

રકમ : 81,18,651

દૂધ : 1,89,659



## 4

પટેલ યોગેશભાઈ શંકરભાઈ

**ઉપેરા દૂધ મંડળી (વિસનગર)**

રકમ : 78,57,744

દૂધ : 2,06,766



## 5

દેસાઈ મંજૂલાબેન અશોકભાઈ

**ખેરાલુ ભાગ (ખેરાલુ)**

રકમ : 76,65,854

દૂધ : 1,72,202



## 6

ભરવાડ સામંતભાઈ માદેવભાઈ

**ગલોદરા દૂધ મંડળી (કડી)**

રકમ : 71,40,057

દૂધ : 1,29,463

## દૂધના સાગરને છલકાવી દેનાર શ્રેષ્ઠ દૂધમંડળીઓ



| નં. | મંડળીનું નામ | તાલુકો | દૂધ જથ્થો કીલો | દૂધ રકમ રૂા. | રકમ(રૂ.કરોડમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | ખેરાલુ ભાગ દૂ.ઉ.સ.મંડળી લી. | ખેરાલુ | ૫૬,૮૧,૨૭૧ | ૨૩,૪૨,૧૧,૭૧૦ | ૨૩.૪૨ |
| ૨ | ચરાડા દૂ.ઉ.સ. મંડળી લી. | માણસા | ૫૩,૯૯,૮૦૮ | ૨૧,૫૦,૬૭,૬૫૨ | ૨૧.૫૧ |
| ૩ | સૌલેયા દૂ.ઉ.સ. મંડળી લી. | માણસા | ૫૧,૭૪,૩૯૬ | ૨૦,૦૪,૨૧,૨૧૮ | ૨૦.૦૪ |
| ૪ | પામોલ દૂ.ઉ.સ. મંડળી લી. | વિજાપુર | ૪૪,૬૩,૨૭૮ | ૧૭,૬૯,૭૯,૫૮૪ | ૧૭.૭૦ |
| ૫ | બાલવા દૂ.ઉ.સ. મંડળી લી. | કલોલ | ૪૦,૭૯,૯૫૪ | ૧૬,૭૪,૫૬,૬૫૪ | ૧૬.૭૫ |
| ૬ | બાપુપુરા દૂ.ઉ.સ. મંડળી લી. | માણસા | ૩૮,૫૫,૫૬૬ | ૧૫,૨૨,૦૭,૨૫૪ | ૧૫.૨૨ |
| ૭ | મેઉ દૂ.ઉ.સ. મંડળી લી. | મહેસાણા | ૩૭,૯૪,૩૭૫ | ૧૫,૬૯,૧૪,૬૯૦ | ૧૫.૬૯ |
| ૮ | વિઠોડા દૂ.ઉ.સ. મંડળી લી. | ખેરાલુ | ૩૬,૯૧,૫૪૪ | ૧૬,૫૧,૪૯,૦૪૧ | ૧૬.૫૧ |
| ૯ | ઉમરી દૂ.ઉ.સ.મંડળી લી. | ખેરાલુ | ૩૫,૮૦,૦૧૩ | ૧૪,૬૬,૮૦,૨૪૧ | ૧૪.૬૭ |
| ૧૦ | ડાવોલ દૂ.ઉ.સ. મંડળી લી. | સતલાસણા | ૩૫,૦૦,૭૩૪ | ૧૪,૨૮,૬૬,૯૯૧ | ૧૪.૨૯ |



## 7

ઠાકોર જગદીશજી દશરથજી

**ભીમપુર દૂધ મંડળી ( ખેરાલુ )**

રકમ : 70,40,439

દૂધ : 1,62,654



## 8

પટેલ અશોકભાઈ ડાહ્યાભાઈ

**ગોઝારીયા દૂધ મંડળી (કલોલ)**

રકમ : 69,16,082

દૂધ : 1,65,858



## 9

ચૌધરી સેંધાભાઈ વેલાભાઈ

**દેવીતપુરા(કલોલ)**

રકમ : 68,03,668

દૂધ : 1,54,190



## 10

પટેલ શબ્બીરભાઈ વલીભાઈ

**આદર્શ કેસીમ્પા (વિસનગર)**

રકમ : 67,00,818

દૂધ : 1,57,210

# દૂધસાગરના શ્રેષ્ઠ પશુધનનું પણ સન્માન



(તમામ તસવીરો પ્રતિકાત્મક)

મહેસાણા દૂધસાગર ડેરીમાં ચેરમેનશ્રી. અશોકભાઇ ચૌધરી અને તેમના સાથી નિયામક મંડળના આવાગમન બાદ વિતેલા ત્રણ વર્ષોથી મળતી વાર્ષિક સાધારણ સભામાં ઉત્તમ પશુપાલકોને સાગર રત્ન સ્વરુપે સન્માન આપવાની ઉત્કૃષ્ટ પરંપરા શરુ કરવામાં આવી હતી. જેમાં હવે, આપણા સૌથી વધુ દૂધ આપતાં ગાય-ભેંસનો પણ સમાવેશ કરી એક અર્થમાં આપણી ભારતીય સનાતન સંસ્કૃતિની શોભા સમાન પશુ પુજાનો પણ પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. આ વર્ષે દૂધ હરિફાઇ સ્પર્ધા અને બફેલો શો જેવા આયોજનો પશુપાલકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. મહેસાણી ભેંસ - દેશી ગાય અને શંકરગાય એવા ત્રણ વિભાગોમાં વહેંચાયેલી આ હરિફાઇમાં શ્રેષ્ઠ દૂધ સ્પર્ધામાં નીચેના માલિકોના પશુઓ સર્વશ્રેષ્ઠ રહ્યા હતા.

## શ્રેષ્ઠ મહેસાણી ભેંસ

| નં. | મંડળીનું નામ | બ્લોક | પશુપાલકનું નામ | દૈનિક દૂધ લીટર | વિજેતા ક્રમાંક |
|---|---|---|---|---|---|
| ૧ | બ્રાહ્મણવાડા (કોડ નં.૬૪૬) | ચાણસ્મા | ચૌધરી શાંતાબેન દીલીપભાઇ | ૨૧.૬૬ | પ્રથમ |
| ૨ | મુબારકપુરા (કોડ નં.૯૪૧) | હારીજ | ચૌધરી પ્રકાશભાઇ શંકરભાઇ | ૨૦.૭૭ | દ્વીતીય |
| ૩ | સબલપુર (કોડ નં.૨૮૬) | વડનગર | પટેલ અંકીત કુમાર હરગોવનભાઇ | ૨૦.૦૩ | તૃતીય |





## શ્રેષ્ઠ દેશી ગાય

પ્રથમ ક્રમ : ચૌધરી સેમાભાઇ હીરાભાઇ
દૂધારામપુરા (કોડ નં.૬૧૩) - પાટણ
દૈનિક દૂધ લીટર : ૧૮.૨૬

બીજો ક્રમ : પટેલ કૈલાશબેન રાજુભાઇ
હાથીપુરા (કોડ નં.૧૧૫) - વિજાપુર
દૈનિક દૂધ લીટર : ૧૭.૨૪

ત્રીજો ક્રમ : પટેલ હંસાબેન રાજુભાઇ
ફીચડી (કોડ નં.૧૧૯૦) - ચાણસ્મા
દૈનિક દૂધ લીટર : ૧૬.૭૩

## શ્રેષ્ઠ શંકર ગાય

પ્રથમ ક્રમ : પટેલ દિપ્તીબેન પ્રણયકુમાર
જેતપુર (કોડ નં.૧૬૫) - વિજાપુર
દૈનિક દૂધ લીટર : ૪૨.૮૧

બીજો ક્રમ : ચૌધરી ભીખાભાઇ હીરાભાઇ
ફતેપુરા (કોડ નં.૩૯૦) - ખેરાલુ
દૈનિક દૂધ લીટર : ૩૮.૩૮

ત્રીજો ક્રમ : ચૌધરી શૈલેષભાઇ રામજીભાઇ
દગાવાડીયા (કોડ નં.૧૬૬) - માણસા
દૈનિક દૂધ લીટર : ૩૩.૫૪

# વહિવટના ૩ વર્ષ અને પશુપાલકોને ફાયદો આપ્યો

# રૂા. ૨૫૫૧ કરોડ

દૂધના ભાવમાં તબક્કાવાર ₹170 વધારવાથી

1180 કરોડ રૂપિયાનો સીધો ફાયદો આપ્યો



ત્રણ વર્ષોમાં ચૂકવેલ આખરી ભાવ ફરક થી

1098 કરોડ રૂપિયાનો સીધો ફાયદો આપ્યો




સાગરદાણ ના ભાવ ઓછા રાખવાથી

250 કરોડ રૂપિયાનો સીધો ફાયદો આપ્યો




પશુ વિઝીટ ફી માં ઘટાડો કરવાથી

12 કરોડ રૂપિયાનો સીધો ફાયદો આપ્યો



શેર ડિવિડન્ડ માં વધારો કરવાથી

3 કરોડ રૂપિયાનો સીધો ફાયદો આપ્યો



દૂધ મંડળીને થાપણ ઉપર વધુ વ્યાજ આપવાથી

7 કરોડ રૂપિયાનો સીધો ફાયદો આપ્યો




## આ રહ્યો ! વર્ષ ૨૦૨૩-૨૪ ભારત અને ગુજરાત સરકારનો સહયોગ : ૮૫ કરોડ ૬૨ લાખ

| | |
|---|---|
| 12.76 કરોડ | માલ - સ્ટોક ઉપર વ્યાજ સહાય |
| 13.37 કરોડ | મંડળીના બલ્ક કૂલરો ઉપર સહાય |
| 5.09 કરોડ | AMCS (અમૂલ મિલ્ક કલેક્શન સિસ્ટમ) ની સહાય |
| 4.51 કરોડ | NCDC ની સહાય |
| 12.00 કરોડ | દૂધ ભેળસેળ ચકાસણી મશીન સહાય |
| 1.70 કરોડ | જગુદણ સીમેન સ્ટેશનને સહાય |
| 1.48 કરોડ | ગોબરધન યોજનામાં રાજ્ય સરકારની સહાય |
| 1.75 કરોડ | દૂધઘર અને ગોડાઉનમાં સહાય |
| 4.21 કરોડ | ખાણદાણમાં સહાય |
| 12.00 કરોડ | જગુદણ પાડા કેન્દ્રમાં ગોડાઉન સહાય |
| 11.32 કરોડ | એમ્બ્રિયો ટ્રાન્સફર (ભ્રૂણ પ્રત્યારોપણ) લેબોરેટરી સહાય |
| 2.00 કરોડ | ઓલાદ સુધારણા અંગેની સહાય |
| 2.93 કરોડ | ગોકૂળ મિશન હેઠળ પ્રાપ્ત થયેલ સહાય |
| 50 લાખ | મધમાખી તેમજ GPB / CBBO માટેની સહાય |

**દૂધસાગરની સક્રિયતા**

# આ આપણી જાત મહેનતથી ઉભું કરેલ બજાર છે આ આપણું દૂધસાગર ડેરીનું સ્થાનિક બજાર છે

**દૂધસાગર ડેરી દ્વારા તા.૧૯–૧૦–૨૦૨૧ ના રોજ શરૂ કરવામાં આવેલા આ ગ્રામીણ બજારના પ્રથમ દિવસે દૂધનું માત્ર ૧૬૦ લીટર વેચાણ થયું હતું જે આજે મે – ૨૦૨૪ માં પ્રતિદીન ૪૦,૨૭૮ લીટર વેચાઈ રહ્યું છે. આજ રીતે પ્રથમ દિવસે જે છાશનું માત્ર એક દિવસમાં ૩૯૪ લીટર થયું હતું તે આજે પ્રતિદીન ૪૭,૩૭૫ લીટર વેચાઈ રહી છે અને પ્રથમ દિવસે જે દહીંનું માત્ર ૫ કીલો વેચાણ થયું હતું તે આજે પ્રતિદીન ૧૪૯૯ કીલો ગ્રામીણ બજારમાં આપણે વેચી રહ્યા છીએ**

એક તબક્કે મહેસાણા દૂધસાગર ડેરીમાં વહિવટીય સૂજબુજનો અભાવ થતાં અને આપણા કાર્યક્ષેત્રમાં દૂધસાગર ડેરીની સ્થાનિક બજાર ઉપરની પક્કડ ઢીલી થતાં ૨૦૧૫ થી ૨૦૨૦ સુધી અહીંના સ્થાનિક બજારોમાં ખાનગી ડેરીઓનો રાફડો ફાટી નીકળ્યો હતો. આ લોકો અહીથી જ દૂધ ખરીદી કરી તેની વિવિધ પ્રોડક્ટસ બનાવી - પેકીંગ કરી ભારે નફા સાથે વેચાણ કરી રહ્યા હતા. આ બાબતનો ખ્યાલ દૂધસાગર ડેરીના વર્તમાન ચેરમેનશ્રી અને નિયામક મંડળને થતાં તેઓએ તા.૧૯ ઓગષ્ટ ૨૦૨૧ ના રોજ સંસ્થાના MD શ્રીના નેતૃત્વમાં બલ્કકૂલરના ૯૪ ટેન્કર દ્વારા ૭૩૬ મંડળીઓનો સર્વે કરી દૂધ વિતરણ માટે ડીલર કમ ટ્રાન્સપોર્ટરની નિમણૂક માટે તા.૧૬ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ આ અંગેની જાહેરાત દૈનિક અખબારોમાં આપી ગ્રામીણ બજાર હસ્તક કરવાની પ્રથમ પહેલ કરી હતી. આપણે આપણા જ સ્થાનિક બજારમાં વહિવટીય સૂજબૂજ અને આપણી દૂધની બનાવટોની વિશ્વસનીયતાથી આજે ગ્રામીણ બજારમાં સફળતાના એ શિખરે પહોંચ્યા છીએ જે માટે નીચેના આંકડા જ આપણી સફળતાનું આલેખન કરી રહ્યા છે :

| સ્થાનિક ગ્રામીણ બજાર વેચાણનો પ્રથમ દિવસ તા.૧૯/૧૦/૨૦૨૧ | |
|---|---|
| દૂધ | માત્ર ૧૧૬ લીટર |
| છાશ | માત્ર ૩૯૪ લીટર |
| દહીં | માત્ર ૫ કીલો |
| કુલ વેચાણ | માત્ર ૫૧૫ લીટર |

સંસ્થાના વડા શ્રી. અશોકભાઈ ચૌધરીની સતત નજર અને MD શ્રી. ધીરજકુમાર નું માર્ગદર્શન રોજ નવા રંગ પૂરતું રહ્યું અને ડીલરો સાથેનો તાલમેલ - તેમને મળતા કમીશનમાં રાખવામાં આવેલી ઉદારતા - ગામડાઓના બજારમાં દૂધસાગર ડેરી દ્વારા કરવામાં આવેલી જાહેરાતો અને ઉત્તમ ઉત્પાદનોનું વેચાણ આખરે સફળતાના ગૌરી શિખરે પહોંચવા પામ્યું. ખાનગી ડેરીઓનો દબદબો અને




નફા કારક દ્રષ્ટિકોણથી આપણા જ વિસ્તારના ગ્રાહકોને વિશ્વાસ વગરની દૂધની બનાવટો - મોંઘી કિંમતે મળતી હતી તેનો ઈજારો ખતમ કરી આજે દૂધસાગર ડેરી સ્થાનિક વેચાણ બજારમાં પોતાની શાખ પૂરવાર કરી રોકેટ ગતિએ આગળ વધી રહી છે જેનો સીધો લાભ ગ્રાહકો અને સભાસદોને થઈ રહ્યો છે. મહેસાણા દૂધસાગર ડેરીના વર્તમાન નિયામક મંડળના સભ્યો અને અધિકારીઓ સહિત ચેરમેનશ્રી તથા MD શ્રીના સહિયારા પ્રયત્નોથી મળેલી સફળતાનો જુઓ આ કોઠો :

**૨૦૨૨/ ૨૩ ની સરખામણીએ ૨૦૨૩/ ૨૪ નું વર્ષવાર ગ્રામીણ વેચાણ**

| ડેરી પ્રોડક્ટસ | ૨૦૨૨/૨૩ | ૨૦૨૩/૨૪ | વેચાણ વધારો | ટકાવારી |
|---|---|---|---|---|
| દૂધ | ૭૧,૯૪,૮૩૬ | ૧,૨૦,૮૬,૬૨૩ | ૪૮,૯૧,૭૮૭ | ૬૮% |
| છાસ | ૬૨,૩૫,૨૧૧ | ૯૧,૪૬,૦૪૭ | ૨૯,૧૦,૮૩૬ | ૪૭% |
| દહીં | ૨,૦૬,૨૬૩ | ૩,૭૮,૮૮૭ | ૧,૭૨,૬૨૪ | ૮૪% |
| દૂધ-છાશ-દહીં (કુલ વેચાણ) | ૧,૩૬,૩૬,૩૧૧ | ૨,૧૬,૧૧,૫૮૬ | ૭૯,૭૫,૨૭૫ | ૫૮% |
| કુલ વેચાણ રૂટ | ૫૩ | ૬૧ | ૮ રૂટનો વધારો | |
| કુલ ગામડાઓ | ૫૯૮ | ૬૯૬ | ૯૮ ગામનો વધારો | |
| લીટર દીઠ ભાડા ખર્ચ | ૧.૨૮ | ૦.૯૬ | ૦.૩૪ ભાડા ખર્ચમાં ઘટાડો | |

કુશળતાથી કામ કરવાની
ઈચ્છા શક્તિ
ધાર્યા પરિણામ આપે છે

નાનકડા પણ
રાઈના દાણા જેવા
આ નિર્ણયે પશુપાલકોને
મુસીબતમાં આપી
પોતાના
સ્વજન જેવી
સહાય

# 7 કરોડ 53 લાખ 70 હજાર વધુ મળ્યા

આપણો પોતાનો પરિવાર હોય કે દૂધસાગર જેવી સંસ્થા, વહિવટ કરવાની કુશળતા આપણા જીવન ધોરણને સમૃદ્ધિ તરફ દોરી જતી હોય છે. ગત 63 મી સાધારણ સભામાં આપણી દૂધસાગર દ્વારા એક નાનકડો પણ રાઈના દાણા જેવો નક્કર નિર્ણય પશુપાલકોના વિમાની રકમ- અને - વિમાધારકની ઉંમરમાં વધારો કરવાનો લેવાયો હતો. પહેલા તબક્કે આ નિર્ણયની નોંધ કદાચ ઓછી લેવાઈ હોઈ શકે પરંતુ વર્ષના અંતે જે પરિણામ જોવા મળ્યા તે વાતે સાબિત કરી દીધું કે વર્તમાન નિયામક મંડળ પાસે સમયની નજાકત પારખવાનો ગજબનો દ્રષ્ટિકોણ છે.

ભૂતકાળમાં દૂધસાગર ડેરી - ગામની દૂધ મંડળી અને પશુપાલક ત્રણેયના સંયુક્ત ઉપક્રમે જીવન વિમો અને અકસ્માત વિમો લેવામાં આવતો હતો. જેમાં કુદરતી મૃત્યુમાં 35,000 અને અકસ્માત વિમાની રકમ 1,00,000 હતી. દૂધસાગર નિયામક મંડળ દ્વારા આ રકમમાં ગત વર્ષે વધારો કરી કુદરતી મૃત્યુની રકમ રૂા.1,00,000 અને અકસ્માત વિમાની રકમ બમણી કરી રૂા.2,00,000 સુધી લઈ જવામાં આવી. સાથે સાથે વિમા ધારકની ઉંમરમાં વધારો કરી વિમા કવચને 58 વર્ષથી વધારી 65 વર્ષ સુધી સુરક્ષિત કરવામાં આવ્યું. જેના પરિણામ આ વર્ષે અદભૂત જોવા મળ્યા. વર્ષ 2022-23 માં વિમા રકમની ચૂકવણી જે 2,50,30,000 હજાર હતી તે વધીને વર્ષ 2023-24 માં 10,04,00,000 થવા પામી આમ, એક જ વર્ષમાં પશુપાલક વિમાધારક સભાસદોને દુઃખના સમયે રૂા.7,53,70,000 વધુ રકમની મળી મદદ !!

**વર્ષ 2022-23 માં વિમા રકમની ચૂકવણી જે 2,50,30,000 હજાર હતી તે વધીને વર્ષ 2023-24 માં 10,04,00,000 થવા પામી આમ, એક જ વર્ષમાં પશુપાલક વિમાધારક સભાસદોને દુઃખના સમયે રૂા. 7,53,70,000 વધુ રકમની મળી મદદ !!**

વર્ષ 2022-23 માં દૂધસાગરના ચોપડે 636 પશુપાલક સભાસદોના કુદરતી મૃત્યુ નોંધાયા હતા. અને, 20 વ્યક્તિઓના અકસ્માત મૃત્યુ સાથે કુલ 656 વિમા ક્લેઈમની ચૂકવણી કરવામાં આવી હતી. અને તે વખતની કુદરતી મૃત્યુની વિમા રાશી રૂા.35,000 લેખે કુલ 2,30,30,000 રૂપિયા મૃતકના પરિવાર જનોને મળ્યા હતા. એ સમયે અકસ્માત મૃત્યુની વિમા રાશી રૂા. 1 લાખ હતી. અને, એ હિસાબે 20 વ્યક્તિઓના અકસ્માત મૃત્યુ ની વિમા રાશી 20 લાખ ની ચૂકવણી કરવામાં આવી હતી. આમ, કુલ કુદરતી અને આકસ્મિક મૃત્યુની રકમ રૂા.2,50,30,000 ચૂકવાઈ હતી.

વર્તમાન નિયામક મંડળની વિમા કવચની રાશી અને ઉંમરના વધારા પછી 58 થી 65 વર્ષીય સભાસદોનો ઉમેરો થતાં ચાલુ વર્ષ 2023-24 માં કુલ 952 કુદરતી મૃત્યુ અને 26 અકસ્માતે મૃત્યુ નોંધાયા હતા એમ કુલ 978 લોકોને વિમા રાશી ચૂકવાઈ હતી જેમાં કુદરતી મૃત્યુમાં 9,52,00,000 રૂપિયા અને 26 અકસ્માત ના મૃત્યુ ધારકોને રૂા.52,00,000 ચૂકવણી કરવામાં આવી આમ, વર્ષ 2023-24 માં કુલ વિમા રકમની રાશી 10,04,00,000 થવા પામી જે ગત વર્ષ કરતાં રૂા.7,53,70,000 વધુ પશુપાલકોને સંકટ સમયે પ્રાપ્ત થયા છે.

આ સફળતા બાદ હવે 64 મી સાધારણ સભામાં દૂધ મંડળીઓના કર્મચારીઓને અગાઉ દૂધ મંડળીને A-B-C કેટેગરીમાં વહેચી તેના કર્મચારીઓને પણ અલગ અલગ ગ્રેડ સાથે જુદી જુદી રકમની વિમા રાશી અનુક્રમે કુદરતી મૃત્યુમાં 1 લાખથી 10 હજાર સુધી આપવામાં આવતી હતી. આ રીતે અકસ્માત વિમાની રકમ પણ 1 લાખથી 30 હજાર સુધી હતી અને મેડિકલેઈમની રકમ પણ અનુક્રમે 75 હજારથી 25 હજાર સુધી આપવામાં આવતી હતી. તાજેતરની સાધારણ સભામાં નિયામક મંડળ દ્વારા આ A-B-C દૂધ મંડળીઓની કેટેગરી માં કામ કરતા કર્મચારીઓને એક સમાન રાખી A વિભાગની દૂધ મંડળીના તમામ કર્મચારીઓને કુદરતી મૃત્યુની રકમ - અકસ્માત મૃત્યુ અને મેડિકલેઈમ ની રકમ રૂા.1,00,000 કરવામાં આવી છે. B કેટેગરી દૂધ મંડળીના તમામ કર્મચારીઓને કુદરતી મૃત્યુની રકમ રૂા.75,000 અકસ્માત મૃત્યુની રકમ રૂા.1,00,000 અને મેડિકલેઈમની રકમ રૂા.75,000 વધારવામાં આવી છે. આજ પ્રમાણે ; C કેટેગરીની તમામ દૂધમંડળીઓના કર્મચારીઓની જીવન વિમાની રકમ 50,000 રૂપિયા કરવાની જાહેરાત ચેરમેનશ્રી દ્વારા કરવામાં આવી છે અને આ C કેટેગરી માં આવતી દૂધમંડળીના કર્મચારીઓની આકસ્મિક મૃત્યુની રકમ એક સરખી એટલે કે, રૂા.1,00,000 અને મેડિકલેઈમની રકમ રૂા.50,000 સુધી લઈ જવામાં આવી છે.

ત્રેવડ એ ત્રીજો ભાઈ છે !! આ કહેવત આપણે આપણા તળપદી પશુપાલકોના પરિવારોના રોજબરોજના જીવનમાં સાંભળતા આવ્યા છીએ ત્યારે વિતેલા ત્રણ વર્ષોથી દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીના નેતૃત્વમાં દૂધસાગર ડેરીમાં આ કહેવત જીવંત થઈ રહી હોય તેનો આ એક વધુ પુરાવો છે.

# સાગર અપનાવશે હવે, સૂર્ય ઉર્જા !!



ગત ૧૫ મી ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ ભારતના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી. નરેન્દ્રભાઈ મોદીએ ભારતના એક કરોડ ઘરોને મફત વિજળી પૂરી પાડવાની સૂર્ય ઉર્જા યોજનાની જાહેરાત કરી હતી. પર્યાવરણની રક્ષા સાથે વિજ બચત કરતી સોલાર એનર્જીનો ઉપયોગ કરવાથી આપણી દૂધસાગર ડેરી કેમ બાકાત રહે ?

ગત ૧૬ જૂન ના રોજ મહેસાણા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની (દૂધસાગર ડેરી) ૬૪ મી સાધારણ સભામાં સંસ્થાના વડા શ્રી. અશોકભાઈ ચૌધરીએ દૂધસાગર ડેરી તથા તેના તમામ ઉત્પાદક એકમો સૂર્ય ઉર્જાથી ક્રમબદ્ધ સુસજ્જ બને તથા દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં આવતી તમામ દૂધ મંડળીઓ સોલાર પેનલ અપનાવે તે માટે ડેરી દ્વારા ઉદાર હાથે મદદ કરવાની જાહેરાત કરી હતી. વર્તમાન સમયમાં દૂધ મંડળીઓમાં બલ્ક કૂલર અને અન્ય વપરાશ માટે વિજળીનો વપરાશ વધારે થઈ રહ્યો છે જેના કારણે ખર્ચનું ભારણ વધી રહ્યું છે. આ કારણે મંડળીમાં થતા નફા ને પણ વિપરીત અસર થતી હોવાથી તમામ મંડળીઓ આ સોલાર સિસ્ટમનો ઉપયોગ કરે તેવો ચેરમેનશ્રીએ સાધારણ સભામાં આગ્રહ કર્યો હતો. હાલમાં, સોલાર પેનલ લગાવવાના કુલ ખર્ચમાં રૂા.૨૫૦૦૦ /- મુજબ સહાય ચૂકવવામાં આવતી હતી તેમાં વધારો કરવાની જાહેરાત સાથે ચેરમેનશ્રી.એ જણાવ્યું કે હવેથી જે દૂધ મંડળીઓ સોલાર સિસ્ટમ લગાવશે તેમને દૂધના વર્ગ પ્રમાણે નીચે મુજબ દૂધસાગર ડેરી દ્વારા સહાય પૂરી પાડવામાં આવશે.

**દૂધસાગર સૂર્ય ઉર્જા સહાય યોજના**

| ક્રમ | દૂધના વર્ગ | દૂધનો જથ્થો (છેલ્લા ત્રણ વર્ષની દૂધની વાર્ષિક સરેરાશ ગણતરી પ્રમાણે) | સહાય ની રકમ |
|---|---|---|---|
| ૧ | અ | ૬ લાખ કીલો થી વધારે | ૧,૦૦,૦૦૦/- |
| ૨ | બ | ૪ લાખ કીલોથી ૬ લાખ કીલો વચ્ચે | ૭૫,૦૦૦/- |
| ૩ | ક | ૨.૫ લાખ કીલો થી ૪ લાખ કીલો વચ્ચે | ૫૦,૦૦૦/- |
| ૪ | ડ | ૨.૫ લાખ કીલોથી ઓછું | ૨૫,૦૦૦/- |


## 2024 સાધારણ સભામાં સન્માનિત થયેલા શ્રેષ્ઠ 5 બીજદાન કર્મચારી



| ક્રમ | બીજદાન કર્મચારીનું નામ | દૂધ મંડળીનું નામ | માર્કસ્ |
|---|---|---|---|
| ૧ | ભરવાડ વિષ્ણુભાઈ ભલાભાઈ | મછાવા (કોડ નં : ૪૦૭) | ૯૩.૯ |
| ૨ | નાડોદા દઝાભાઈ રામસંગભાઈ | અશનાપુર ગેરીતા (કોડ નં : ૧૧૬૮) | ૯૨.૯ |
| ૩ | પટેલ વાસુદેવ ભલાભાઈ | ઉમાનગર (કોડ નં : ૧૨૪૪) | ૯૨.૧ |
| ૪ | પટેલ ગીરીશકુમાર સોમાભાઈ | મહાદેવપુરા (કોડ નં : ૧૫૪) | ૯૧.૯ |
| ૫ | પટેલ દશરથભાઈ ઈશ્વરભાઈ | હાજીપુર (કોડ નં : ૨૫૬) | ૯૧.૪ |

## એક નજર વિતેલા દશ વર્ષ ઉપર

# દૂધસાગર ડેરી દ્વારા અપાયેલા આખરી ભાવ તફાવતની તવારીખ




# પવિત્રતાનું પ્રમાણપત્ર ...

ઉપરના પિરામીડ ગ્રાફને જોઈ દૂધસાગર પત્રિકાના અમારા શિષ્ટ અને પ્રબુદ્ધ વાંચકો વિતેલા દશ વર્ષના આખરી ભાવ તફાવતને જોઈ શકતા હશે. અમોએ દૂધસાગરના આજના પવિત્ર અને પારદર્શક વહિવટને આપ સમજી શકો તે માટે ખૂબ કાળજી પૂર્વક આ ગ્રાફ આપની સમક્ષ મુક્યો છે. અહીં ઉડીને આંખે વળગે તેવી એક વાત એ છે કે ; દૂધસાગરના દશ વર્ષના ઈતિહાસમાં સાત વર્ષના કુલ વાર્ષિક ભાવવધારાની સામે વર્તમાન નિયામક મંડળનો ત્રણ વર્ષનો આખરી ભાવ તફાવતને - સાત વર્ષોના આખરી ભાવ તફાવતને ઓવર ટેક (વટાવી) જાય છે. જુઓ નીચેની ગણતરી :

**2014/15 થી 2020/21 સુધીના સાત વર્ષના આખરી ભાવફરક**

| વર્ષ | આખરી ભાવ ફરકની રકમ (કરોડમાં) |
|---|---|
| 2014-15 | 125.00 |
| 2015-16 | 102.46 |
| 2016-17 | 134.99 |
| 2017-18 | 120.00 |
| 2018-19 | 160.00 |
| 2019-20 | 176.00 |
| 2020-21 | 131.32 |
| કૂલ : વહિવટના 7 વર્ષ | કૂલ : 949.77 |

**2021/22 થી 2023/24 સુધીના ત્રણ વર્ષના આખરી ભાવફરક**

| વર્ષ | આખરી ભાવ ફરકની રકમ (કરોડમાં) |
|---|---|
| 2021-22 | 321.00 |
| 2022-23 | 375.00 |
| 2023-24 | 402.00 |
| | |
| | |
| | |
| | |
| કૂલ : વહિવટના 3 વર્ષ | કૂલ : 1098.00 |

**પવિત્ર વહિવટનો આ છે પૂરાવો !!**

**1098 - 949.77**

**= 148.23**



તમે મન મુકીને
વરસો ...
ઝાપટું અમને
નહીં ફાવે !
અમે રહ્યા
હેલીના માણસ
માવઠું અમને
નહીં ફાવે !!

# વહિવટના ત્રણ વર્ષ અને તમામ નિર્ણયો ઐતિહાસીક

**2021 - 2022**

આખરી
ભાવફરક
321 કરોડ

+

**2022 - 2023**

આખરી
ભાવફરક
375 કરોડ

+

**2023 - 2024**

આખરી
ભાવફરક
402 કરોડ

પવિત્ર
અને
પારદર્શક
આવડત સભર
વહિવટની નિશાની




વર્ષ 2023 / 24 માં મહેસાણા દૂધસંઘે એક રુપિયાની કમાણી કરી તેમાંથી પશુપાલકને 81 પૈસા પરત આપ્યા

Dudhsagar
The Pride of India

## 64 વર્ષમાં પહેલીવાર

ડેરીનું ટર્ન ઓવર 7494 કરોડે પહોંચ્યું
સૌથી વધુ દૂધ 120.58 કરોડ કીલો સંપાદન થયું
એક દિવસનું સૌથી વધુ દૂધ 42 લાખ લીટર આવ્યું
દૂધના ખરીદભાવ સૌથી વધુ એટલે કે 820 ચૂકવ્યા

= ત્રણ વર્ષમાં પશુપાલકને આખરી ભાવ તફાવતના રુપમાં કુલ 1098 કરોડ મળ્યા

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા